અપીલ અરજી નં.૧૨૭ તા.૨૦–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
ઈ.ચા. લો ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (કાયદા ખાતુ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડ ની તા.૧૧–૫–૧૧ની અરજીથી પશ્ચિમઝોન કચેરીના શહેરી વિકાસમાં હાલમાં ફરજ બજાવતા જુની .ઈજનેર માસ્તર તથા એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસરના ચાર્જમાં ફરજ બજાવતા સૈફુલ્લા એમ. ખતીબ પશ્ચિમઝોનની કચેરીમાં કેટલા કેટલા સમયથી ફરજ બજાવી રહયા છે. આ ફરજકાળ દરમ્યાન તેઓએ કરેલ કાર્યવાહીની વર્કબુક (માસિક ડાયરી) ની નકલો આપશો તથા આ ફરજકાળ દરમ્યાન તેઓએ લીધેલ સહિતના અન્ય ભથ્થાની નકલો TADA સહિત ની વિગતવાર માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૬–૧૧ **SMC/FAP/** નં.૧૨૭/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૧૧–૫–૧૧ ની અરજીથી પશ્ચિમઝોન કચેરીના શહેરી વિકાસમાં હાલમાં ફરજ બજાવતા જુની .ઈજનેર માસ્તર તથા એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસરના ચાર્જમાં ફરજ બજાવતા સૈફુલ્લા એમ. ખતીબ પશ્ચિમઝોનની કચેરીમાં કેટલા કેટલા સમયથી ફરજ બજાવી રહયા છે. આ ફરજકાળ દરમ્યાન તેઓએ કરેલ કાર્યવાહીની વર્કબુક (માસિક ડાયરી) ની નકલો આપશો તથા આ ફરજકાળ દરમ્યાન તેઓએ લીધેલ સહિતના અન્ય ભથ્થાની નકલો TADA સહિતની વિગતવાર માહિતી આપવા બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં. વેસ્ટઝોન /આરટીઆઈ/ ૨૦૮ તા. ૬–૬–૧૧થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ માત્ર એક જ માસની ડાયરીની નકલો આપેલ હોવાનું જણાવી એપેલેટ ઓફિસરને તા .૨૦–૬ –૧૧ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તેમજ માંગેલ માહિતી પૈકી બાકીના સમયની ડાયરી અંગે દફતરી શું હકીકત છે તે પણ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૯૭ તા.૨૪–૬–૧૧ થી ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીથી માંગેલ માહિતી, મળેલ માહિતી તથા ફી ભર્યાની વિગત જણાવેલ ન હોઈ તે જણાવવા અગર મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગતસહ રજૂ કરવા તેમજ તબદીલી તેમની જાણ હેઠળ થઈ હોય તો તેની નકલ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૨૭૬ તા.૨૯–૬–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, વેસ્ટઝોન તરફથી ઈ.ચા. લો ઓફિસરને પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૧૯૮ તા.૨–૬–૧૧ થી તબદીલ કરેલ પત્રની નકલ, આસી. લોઓફિસર તરફથી પત્ર નં.કાયદાવિભાગ/આરટીઆઈ/૧૧૪ તા.૭–૬–૧૧ ના પત્રની નકલ તથા નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૨૦૮ તા.૬–૬–૧૧ ના પત્રની નકલ, પત્ર નં. વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/૨૫૬ તા.૨૨–૬–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૧–૫–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન ખાતે કરવામાં આવેલ. જે વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/ ૧૯૮ તા.૨–૬–૧૧ થી કલમ–૬(૩) હેઠળની નિયત સમય અવધિ બાદ વિલંબથી ઈ.ચા.લો ઓફિસરને તબદીલ કરવામાં આવેલ. ત્યાર બાદ કાયદાખાતામાંથી પત્ર નં.કાયદાવિભાગ/આરટીઆઈ/૧૧૪ તા.૭–૬–૧૧ થી કાર્યપાલક ઈજનેર વેસ્ટઝોનને સંપૂર્ણપણે તબદીલ કરવામાં આવેલ. જે બાબતે વેસ્ટઝોન તરફથી પત્ર નં.૨૫૬ તા.૨૨–૬–૧૧ થી કાયદા ખાતાને વિભાગીય વડા મારફતે અંશતઃ માહિતી આપવા પત્ર પાઠવવામાં આવેલ. અરજદારની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/ ૨૦૮ તા.૬–૬–૧૧ થી " પશ્ચિમઝોન કચેરીમાં શહેરી વિકાસ ખાતાના જુની. ઈજનેર શ્રી માસ્તર તા.૦૮–૦૩–૦૪ થી ફરજ બજાવે છે તેમજ તેઓની કાર્યવાહીની વર્કબુક (માસિક ડાયરી) ની નકલ પાના દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૧૨/– વેસ્ટઝોન કચેરીએ ભરપાઈ કર્યેથી આપને મળી શકશે. રાંદેરઝોનના રેકર્ડ ચકાસતાં તેઓએTADA લીધેલ હોવાનું જણાતું નથી. એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસરના ચાર્જમાં ફરજ બજાવતાં શ્રી સૈફુલ્લા એમ. ખતીબ પશ્ચિમઝોન કચેરીમાં તા.૨૩–૧૦–૦૧ થી ફરજ બજાવે છે તેઓએ કરેલ કાર્યવાહીની વર્કબુક (માસિક ડાયરી) રેકર્ડ રાંદેરઝોન કક્ષાએ ઉપલબ્ધ નથી. તેઓએ લીધેલ અન્ય ભથ્થા ની નકલ TADA સહિતની માહિતી ઈ.ચા લો ઓફિસરશ્રી પાસેથી મેળવી શકશો. તેવું જણાવેલ છે. અરજદારે અપીલમાં તે અંગે શ્રી માસ્તરની

ડાયરી સિવાય કોઈ તકરાર હોવાનું જણાવેલ નથી.જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૦–૬–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે માહિતી અંગે રસીદ નં.૩૦૯૨૪૬ થી રૂ.૧૨/– તા.૬–૬–૧૧ ના રોજ વેસ્ટઝોન ખાતે ભરપાઈ કરેલ છે. તેવું જણાવેલ છે પરંતુ તે અંગે માહિતી મેળવેલ છે કે કેમ ? તે અંગે અરજદારે કોઈ પ્રકાશ પાડેલ નથી પરંતુ અરજદારે અપીલમાં TADA ની માહિતી અંગે પણ પ્રકાશ પાડેલ નથી તેથી તે અંગે કોઈ તકરારને સ્થાન નથી તદ ઉપરાંત અપીલ તબકકે પૂરક વિગતોમાં પણ અરજદારે શ્રી માસ્તરની ડાયરી સિવાયની કોઈ તકરારી વિગતો આપેલ નથી અને માહિતીમાં જુની.ઈજનેર માસ્તરની ફરજકાળ દરમ્યાન કરેલી કાર્યવાહીની માસિક ડાયરીની નકલ સામે ફકત એક જ માસની ડાયરી આપવામાં આવેલ છે તેવું જણાવી અપીલ અરજી રજૂ કર્યાની રજૂઆત કરેલ છે. આમ અરજદારની અપીલમાં જણાવેલ વિગતે રેકર્ડના નિયમો મુજબ તેનો સમાવેશ જે કક્ષામાં થતો હોય તેની વિગત સહિત અગાઉના રેકર્ડ બાબતે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જણાવવાની રહે જે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને જણાવવામાં આવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૫–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જુનીયર ઈજનેર માસ્તરના એક માસની ડાયરીની સિવાયની નહીં આપેલ ડાયરીની નકલો અંગે દફતર વર્ગીકરણના નિયમોના ઉપલક્ષ્યમાં દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી, માંગેલ નકલો આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) અને ઈ.ચા.લો.ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (કાયદા ખાતુ) ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી રમેશ કે જાંગીડ,